જૂલાઈ ૨૦૧૫

કિંમત ₹ ૧૨/-

દાદા ભગવાન પરિવારનું

# અક્રમ એક્સપ્રેસ



## ભક્તિ



## સંપાદકીય

બાળમિત્રો,

'ભક્તિ કરતાં કદીયે હું થાકું નહીં, એવી શક્તિ દયો'

- કવિરાજ

ભક્તિ એ ભગવાન સુધી પહોંચવાનો ધોરી માર્ગ છે. સાચી ભક્તિવાળા લોકો ખૂબ હૃદયવાળા હોય છે. અને તેથી જ એમની ભક્તિ ભગવાન સુધી પહોંચે જ.

આપણે મીરાંબાઈ, નરસિંહ મહેતા વગેરે ભક્તોની વાર્તાઓ સાંભળી છે. તેઓ ઉચ્ચ કોટિના ભક્તો ગણાય છે. તેથી કહેવાય છે કે એમની પ્રાર્થનાઓ ભગવાન સાંભળતા હતા. તે વિચાર થાય ને કે એમની ભક્તિ કેવી હશે?

પરમ પૂજ્ય દાદાશ્રીએ ભક્તિ વિષે ખૂબ સુંદર ફોડ પાડ્યા છે. તો આવો, આ અંકમાં આપણે સાચી ભક્તિ કેવી હોય, સાચા ભક્તો કેવા હોય એ દાદાની વાણી તેમ જ વિવિધ વાર્તાઓ દ્વારા સમજીએ અને આપણે પણ સાચી ભક્તિના રસ્તે આગળ વધીએ.

ડિમ્પલ મહેતા


તંત્રી તથા સંપાદક:
ડિમ્પલ મહેતા
વર્ષ : ૭, અંક : ૧૧
સળંગ અંક : ૮૩
જૂલાઈ ૨૦૧૫



સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org
Website:
kids.dadabhagwan.org



Printed & Published by

Dimple Mehta on behalf of
Mahavideh Foundation
5, Mamtapark Society,
Bh.Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.


Owned by
Mahavideh Foundation
5, Mamtapark Society,
Bh.Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

Printed at
Amba Offset
Basement, Parshvanath
Chambers, Nr.RBI,
Usmanpura, Ahmedabad-14.

Published at
Mahavideh Foundation
5, Mamtapark Society,
Bh.Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.


# ભક્તિ


લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૧૨૫ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૫૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૪૦ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.



# જ્ઞાનીઓ કહે છે...

દાદાશ્રી : ભક્તિ એટલે તે રૂપ થવું. ભક્તિનો સ્વભાવ કેવો ? જે રૂપની ભક્તિ કરો તેવો થાય. આ દાદાની ભક્તિ કરો, તો તે રૂપ થતાં જ જાવ. આત્મજ્ઞાનીની ભક્તિ કરવાથી તમને આત્મજ્ઞાન સુધી લઈ જાય.

નીરુમા : જ્ઞાન અને ભક્તિ હંમેશા સાથે જ હોય. જેમની ભક્તિ ઊભી થાય એમના માટે પહેલાં જ્ઞાન (સમજણ) મળે. રામ, કૃષ્ણ કે મહાવીરની ભક્તિ કરતા હોય તો પહેલા એમનું જીવનચરિત્ર, એમની દિવ્યતા વગેરે જાણે તો જ એમના માટે ભક્તિ ઊભી થાય. જ્ઞાન જાણે એટલે પછી એમના માટે ભક્તિ સહેજાસહેજ ઊભી થઈ જાય. જેટલા પ્રમાણમાં જ્ઞાન, એટલા પ્રમાણમાં ભક્તિ ઊભી થાય.

પ્રશ્નકર્તા : હું ભગવાનની ભક્તિ કરું, સત્સંગ કરું પણ એમાં ચિત્ત સ્થિર રહેતું નથી.

દાદાશ્રી : ચિત્ત તો સરસ જ છે પણ આપણને એડજસ્ટ કરતા નથી આવડતું. હવે બેન્કમાં ગયા હો અને સો-સોની થોકડીઓ ગણતા હો, ત્યારે ચિત્ત સ્થિર રહે કે નહીં ?

પ્રશ્નકર્તા : રહે.

દાદાશ્રી : ફ્રેન્ડ આવે તો એનેય ભૂલી જાય. એનું કારણ શું ? પૈસા ઉપર એને ઈન્ટરેસ્ટ (રૂચિ) છે અને ભગવાનમાં ઈન્ટરેસ્ટ નથી. એમનું મહત્વ સમજાયું નથી, એટલે આ નથી થતું. જ્યાં ઈન્ટરેસ્ટ ત્યાં ચિત્ત સ્થિર રહે.

સાચા ભક્ત થવું હોય અને શરૂઆતમાં ભગવાન યાદ ના રહેતા હોય તો બહાર મંદિર દેખાય, ત્યાં ભગવાનના દર્શન કરજે. પછી એમ કરતાં કરતાં ભગવાન યાદ રહેવા માંડ્યા એટલે પછી મહીં આત્માને જ ભગવાન તરીકે માનશો, તો સાચા ભક્ત થશો.

# જાણવા



પાંચ ઈન્દ્રિયોથી ઈશ્વરપ્રાપ્તિ માટે જે કંઈ પણ થાય તે ભક્તિ છે. ભગવાનને પ્રાપ્ત કરવાના બે ભક્તિ માર્ગ : એક પરોક્ષ ભક્તિ અને બીજી પ્રત્યક્ષ ભક્તિ. મૂર્તિ, ફોટા બધું પરોક્ષ ભક્તિ કહેવાય. પરોક્ષ ભક્તિમાં વૃત્તિઓ ભગવાનમાં સ્થિર ના રહે.



૧. 'સ્થાપના' ભક્તિ - સ્થાપના એટલે ફોટો મૂકીને 'મહાવીર' કે 'રામ, રામ' કરે તે 'સ્થાપના' ભક્તિ થઈ કહેવાય.

**મૂર્તિ થકી ભક્તિ !**


મૂર્તિ શાથી મૂકી છે ? એની પાછળ શી ભાવના છે ? ભગવાન પરમેનન્ટ સુખવાળા છે ને આપણે 'ટેમ્પરરી' સુખવાળા છીએ. આપણને પરમેનન્ટ સુખની ઈચ્છા છે. માટે મૂર્તિને ભજીએ છીએ. આને પરોક્ષ ભક્તિ કહેવાય !



૪. 'ભાવ' ભક્તિ - જ્ઞાનીના કહ્યા પ્રમાણે કરે, એમની આજ્ઞા પાળે તો એ 'ભાવ' ભક્તિ થઈ ગઈ. ભાવ ભક્તિ તરત ફળ આપનારી છે. પહેલી ત્રણેય પ્રકારની ભક્તિ ભૌતિક ફળ આપનારી છે અને છેલ્લી એકલી જ મોક્ષફળ આપનારી છે.

૩. 'નામ' ભક્તિ - 'મહાવીર' કે 'રામ' બોલીએ, જાપ કરે એ 'નામ' ભક્તિ કહેવાય.

# જેવું



૨. 'દ્રવ્ય' ભક્તિ - જાતે મહાવીર કે રામ હાજર હોય ને એમની ભક્તિ કરે તો 'દ્રવ્ય' ભક્તિ કહેવાય.

પ્રત્યક્ષ ભક્તિ એટલે કે જ્યાં ભગવાન પ્રગટ થયા છે, તેમની ભક્તિ (એટલે કે હાજર ભગવાન અથવા જ્ઞાનીની ભક્તિ). તેનાથી મોક્ષ મળે. પ્રત્યક્ષ ભક્તિમાં વૃત્તિઓ ભગવાનમાં નિરંતર સ્થિર રહે.

પ્રત્યક્ષ ભક્તિથી ભગવાન ભેગા થાય. પરોક્ષ ભક્તિથી ધીમે ધીમે મોક્ષમાર્ગે પ્રગતિ થાય.








દાદાનો ફોટો મૂકીને ભક્તિ કરે, એના કરતાં દાદા જાતે હાજર હોય ને એમની હાજરીમાં ભક્તિ કરે તો એ 'દ્રવ્ય' ભક્તિ કહેવાય.

# આ તો નવી




માતાજીની ભક્તિ કરવાથી પ્રકૃતિ સહજ થાય અને પ્રાકૃત શક્તિ ઉત્પન્ન થાય.



**સાચા દર્શનની રીત :**

ભગવાનના દેરાસરમાં જઈને કહેવું કે "હે વીતરાગ ભગવાન, આપ મહીં જ બેઠાં છો પણ મને તમારી ઓળખાણ નથી, તેથી તમારા દર્શન કરું છું. મને આ જ્ઞાની પુરુષ દાદા ભગવાને શીખવાડ્યું છે. તેથી આ પ્રમાણે તમારાં દર્શન કરું છું, તો તમે મને મારી, 'પોતાની' ઓળખાણ થાય એવી કૃપા કરો." આ મુજબ બધે દર્શન કરવાં.

# જ વાત !




ભક્તિમાં લીન થઈને
તાળીઓ પાડતા શરીર જેટલું
વધારે હાલે-ડોલે એટલું
મહીંથી પાપો બહાર નીકળી
જાય અને જ્ઞાન પેસી જાય.



સાચી ભક્તિમાં ભગવાન
સાથે એકતા હોય, અભેદતા
હોય. આ તો લાલચવાળી
ભક્તિ. ભગવાન પાસેથી
કંઈ પણ જોઈએ છે, સ્વાર્થ
છે ત્યાં ભગવાન પર પ્રેમ
કેવી રીતે હોય ?


# સાચી ભક્તિ



નારદ, કૃષ્ણના ભારે મોટા ભક્ત હતા. હરિ પ્રત્યે તેમની ભક્તિ એટલી તીવ્ર હતી કે તેઓ માનતા હતા કે એમના જેવા પ્રગાઢ હરિભક્ત બીજો કોઈ નથી. ભગવાન કૃષ્ણએ નારદના મનનો ભાવ વાંચી લીધો. એમણે મહર્ષિનું અભિમાન ઉતારવાનું નક્કી કર્યું. એક દિવસ,...
મહર્ષિ, ગંગા નદીને કિનારે સુવર્ણપુર નામે એક ગામ છે. ત્યાં કાળુ નામનો મારો એક ભક્ત રહે છે. તમે થોડો સમય એમની સાથે રહો તો તમને કંઈક નવું જાણવા મળશે.
ભલે, પ્રભુ.
નારદ, કાળુ પાસે પહોંચ્યા અને એની દિનચર્યા જોવા લાગ્યા. કાળુ સવારે વહેલો ઊઠીને એક જ વાર હરિનું નામ બોલતો....
પછી હળ લઈ ખેતરે જતો. આખો દિવસ ખેતરમાં કામ કરતો....



રાતે સૂતી વખતે ફરી એક વાર તે હરિનું નામ લેતો.
હરિભક્તિ એટલે શું એ આ ગામડિયો શું જાણે ? આખા દિવસમાં બે જ વાર હરિનું સ્મરણ કરે છે અને આખો દિવસ તેનાં દુનિયાદારીનાં કામોમાં રચ્યો-પચ્યો રહે છે.
કાળુ સાથે એક દિવસ કાઢી, નારદ તો પહોંચ્યા પાછા હરિ પાસે.
મહર્ષિ, એક દૂધથી છલોછલ ભરેલું પવાલું લઈ, આખા વૈકુંઠની પ્રદક્ષિણા કરી પાછા આવો. દૂધનું એક પણ ટીપું નીચે ઢોળાવું ન જોઈએ.
નારદે એ પ્રમાણે કર્યું અને પાછા આવ્યા.
મહર્ષિ, વૈકુંઠની પ્રદક્ષિણા કરતાં કરતાં તમે કેટલી વાર મારું સ્મરણ કર્યું ?


એકવાર પણ નહીં. કેવી રીતે તમારું સ્મરણ કરું ? દૂધનું પવાલું છલકાય નહીં ને એનું ટીપું ઢોળાય નહીં, એ માટે આખો વખત મારું ધ્યાન દૂધના પવાલા પર જ હતું !
નારદ, તમારું સઘળું ધ્યાન પવાલા પર જ કેન્દ્રિત રહ્યું અને એટલે તમે મને તો સાવ ભૂલી જ ગયા. હવે પેલા ખેડૂત કાળુને જુઓ....
પોતાના કુટુંબ અને સંસારની જવાબદારી નિભાવતાં આખો દિવસ તે કામમાં વ્યસ્ત રહે છે, મહેનત કરે છે. રોજ એ ચક્ર ચાલ્યા કરે છે, છતાં દિવસમાં બે વાર મારું સ્મરણ કરવાનું તે ચૂકતો નથી. એનું નામ સાચી ભક્તિ.
નારદને પ્રભુની વાત સમજાઈ ગઈ. ભક્તિનુંય અભિમાન સારું નહીં. એ એમને સમજાઈ ગયું.

# હનુમાનની ભક્તિ

જેના માટે ભક્તિ હોય એનો એક પણ દોષ ના જોવાય.

પ્રભુ રામ જ્યારે વાનરસેના સાથે લંકા માર્ગે નીકળ્યા હતા, ત્યારે રસ્તામાં સમુદ્ર ઉપર સેતુબંધ બાંધવાનો હતો. પૂરી વાનરસેના, હનુમાન, સુગ્રીવ તથા બધા દિલથી પ્રભુનું આ કામ કરી રહ્યા હતા. તેઓ પથ્થર ઉપર 'રામ' લખીને સમુદ્રમાં મૂકતા તો પથ્થર તરી જતા અને આમ એમનું કામ આસાન થઈ રહ્યું હતું.

એવામાં એક રાત્રે શ્રી રામને પણ આ કામમાં યોગદાન આપવાની ઈચ્છા થઈ. તેઓ સમુદ્ર કિનારા તરફ આગળ વધ્યા. હનુમાને એમને સમુદ્ર તરફ જતા જોયા ત્યારે એમને નવાઈ લાગી. કુતૂહલવશાત તેઓ પ્રભુને ખબર ન પડે એ રીતે પાછળ ચાલતા થયા.

શ્રી રામે એક પથ્થર લઈને સમુદ્રમાં મૂક્યો તો તે ડૂબી ગયો. ત્યાર બાદ બીજો, ત્રીજો, એમ ઘણા પથ્થર મૂક્યા પણ બધા ડૂબી ગયા. હનુમાન આ બધું શાંતિથી જોઈ રહ્યા હતા.

એવામાં પ્રભુ રામની નજર હનુમાન પર પડી. એમણે હનુમાનને પૂછ્યું, "તમે કશું જોયું?"

હનુમાને બે હાથ જોડી કહ્યું, "હા પ્રભુ, તમે મૂકેલા પથ્થર સમુદ્રમાં ડૂબી જાય છે."

શ્રી રામે હનુમાનને પ્રશ્ન પૂછ્યો, "આ ઘટના પરથી તમે શું નક્કી કર્યું?"

હનુમાને ખૂબ વિનમ્રતાથી જવાબ આપ્યો, "જેનો હાથ પ્રભુ રામ છોડી દે છે, તે ડૂબી જાય છે અને જેના હૈયે 'રામ' લખાય છે તે તરી જાય છે."


આને કહેવાય ભક્તિ!!



# સંત નામદેવની ભક્તિ

સંત નામદેવનો જન્મ મહારાષ્ટ્રના નરસીબામણી ગામમાં દરજી પરિવારમાં થયો હતો. એમના પિતાજી દામાશેઠ, પંઢરપુર સ્થિત વિઠ્ઠલજીની મૂર્તિના ઉપાસક હતા. નામદેવ પણ બાળપણથી જ ધર્મમાં રૂચિ ધરાવતા હતા.

પૂજા સમયે એમના પિતા દામાશેઠ રોજ વિઠ્ઠલજીની મૂર્તિને દૂધ ધરાવતા. એક દિવસ એમને પોતાના વ્યવસાય અર્થે બહારગામ જવાનું થયું. એમણે એમના પાંચ વર્ષના પુત્ર નામદેવને વિઠ્ઠલજીને ભોગ લગાવવા તથા પૂજા કરવાની જવાબદારી સોંપી. પોતાની બાળબુદ્ધિ અનુસાર નામદેવ એવું સમજ્યા કે મૂર્તિ રોજ પિતાજી દ્વારા ધરાવવામાં આવતું દૂધ પી લેતી હશે.



બીજા દિવસે નામદેવે આંખો બંધ કરી વિઠ્ઠલજીને દૂધ પીવાની પ્રાર્થના કરી. પ્રાર્થના પૂરી કરી આંખો ખોલીને જોયું તો દૂધ એમનું એમ જ હતું.

નામદેવે ભગવાનને પૂછ્યું, "દૂધ કેમ પીતા નથી ? જલ્દી દૂધ પીઓ. તમને ભૂખ લાગી હશે. શું ખાંડ ઓછી પડી છે. દૂધ ગળ્યું નથી ?"

નામદેવે દૂધમાં ખાંડ નાખી, પણ છતાંય વિઠ્ઠલજીએ દૂધ ના પીધું.

ફરી નામદેવે ભગવાનને પ્રાર્થના કરી, "વિઠ્ઠલજી, દૂધ પી લો. મારી કંઈ ભૂલ થઈ હોય તો મને ક્ષમા કરો. પણ તમે દૂધ પી લો. તમે દૂધ નહીં પીઓ તો પિતાજી મને મારશે. શું તમને એ ગમશે ?"

નામદેવ ભગવાન સાથે વાતો કરવા લાગ્યા. એમને મનાવવા લાગ્યા. ગુસ્સે થઈ ઠપકો પણ આપવા લાગ્યા. છતાંય પ્રભુએ દૂધ ના પીધું. થોડીવાર પછી તેઓ ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યા.

કહેવાય છે કે બાળક નામદેવની ભક્તિથી વશ થઈને મૂર્તિએ દૂધ પી લીધું.

*મિત્રો, આ તો અજાયબી કહેવાય ને ? પણ સાચી ભક્તિથી ભગવાન અવશ્ય પ્રસન્ન થાય જ.*

# ભક્તિ તારે, શંકા ડૂબાડે !

મોટો સમુદ્ર પાર કરવા માટે, એક વ્યક્તિ વિભીષણ પાસે સહાય માંગવા આવી. ભગવાન રામનું નામ એક પાંદડા પર લખી, વિભીષણે કહ્યું, ''ભાઈ, જરાય ગભરાશો નહીં. તમારા પેહરણ સાથે હું એક વસ્તુ બાંધુ છું. એની સહાયથી તમે સમુદ્ર ઓળંગી શકશો. શ્રદ્ધા રાખજો. પણ એક વાતનો ખ્યાલ રાખજો, જો તમારી શ્રદ્ધા તૂટશે, તો તમે ડૂબી જશો.''

વિભીષણના સૂચન પ્રમાણે એ ભાઈ સમુદ્ર ઓળંગી રહ્યો હતો. અચાનક એને પોતાના પહેરણ સાથે બાંધેલી વસ્તુને જોવાની ઉત્સુકતા જાગી.

પહેરણ ખોલીને જોયું તો એક પાંદડા પર ભગવાન રામનું નામ લખેલું.

''આ શું ? આ તો ફક્ત ભગવાન રામનું નામ છે ! ભગવાનનું નામ શું કરી શકે ?''

જેવી શંકા એના મનમાં પેઠી કે એ તરત ડૂબી ગયો.

જોયું મિત્રો, ભક્તની શ્રદ્ધા અને ભક્તિ ભક્તને તારે પણ શંકા એને ડૂબાડી દે !



# આજ્ઞાનું આરાધન, એ જ ભક્તિ !

ગુરૂ ગોવિંદસિંહના વખતની આ વાત છે. ભાઈ બેલ્લા નામનો એક સરળ ખેડૂત ગુરૂ ગોવિંદસિંહ પાસે આવ્યો અને સેવાની માંગણી કરી.

"ભાઈ, તારે કેવા પ્રકારની સેવા કરવી છે ?" ગુરૂએ ભાઈ બેલ્લાને પૂછ્યું.

"પ્રભુ ! હું આપના તબેલામાં કામ કરીશ અને આપના ઘોડાઓની દેખરેખ રાખીશ" ભાઈ બેલ્લાએ નમ્રતાથી પોતાનો ભાવ રજુ કર્યો.

ગુરૂએ મંજુરી આપી અને તે દિવસથી ભાઈ બેલ્લા ખૂબ નિષ્ઠાથી તબેલામાં કામ કરવા લાગ્યો.

બે-ત્રણ મહિનામાં તો ઘોડાઓની તંદુરસ્તી અને દેખાવ ખૂબ સુધરી ગયા. એક દિવસ ગુરૂ ગોવિંદસિંહ તબેલા પાસેથી પસાર થયા. ઘોડાઓની તંદુરસ્તી જોઈને તેઓ ખૂબ પ્રભાવિત થયા.

"ઘોડાઓની આવી સુંદર તંદુરસ્તી માટે કોણ જવાબદાર છે ?" ગુરૂએ પૂછ્યું.

"ભાઈ બેલ્લા", ગુરૂના એક શિષ્યે કહ્યું.

ગુરૂ, ભાઈ બેલ્લાની નિષ્ઠાથી ખૂબ પ્રસન્ન થયા. એમણે ભાઈ બેલ્લાને એના ભણતર વિષે પૂછ્યું.

"પ્રભુ, હું તો ક્યારેય નિશાળે ગયો જ નથી," ભાઈ બેલ્લા બોલ્યો.

"આજથી હું તને ભણાવીશ", કહી એમણે ભાઈ બેલ્લાના ભણતરની બાંયધારી લીધી.

અને ત્યાર પછી દરરોજ સવારે તેઓ ભાઈ બેલ્લાને એક વાક્ય આપતા. આખો દિવસ ભાઈ બેલ્લા ખૂબ નિષ્ઠાપૂર્વક એ વાક્યનું રટણ કરતો.

એક દિવસ વહેલી સવારે ગુરૂ કોઈ ખાસ કામથી બહાર જઈ રહ્યા હતા. બેલ્લાએ ગુરૂને ઘોડા પર



સવાર થઈને બહાર જતા જોયા. એ તરત ગુરૂ પાસે દોડ્યો અને વાક્ય માંગ્યું.

"ભાઈ, તમને ભાન નથી પડતું કે આ યોગ્ય સમય નથી. જોતા નથી કે હું બહાર જઈ રહ્યો છું ?" ગુરૂએ બેલ્લાને ટકોર કરી અને પોતાના કામે નીકળી પડ્યા.

ભાઈ બેલ્લાને એવું સમજાયું કે તેઓને એ વાક્ય મળ્યું છે અને તેઓ નિષ્ઠાપૂર્વક એ વાક્યનું રટણ કરવા લાગ્યા.

ગુરૂના અન્ય શિષ્યોએ જ્યારે આ જોયું, ત્યારે તેમને ભાઈ બેલ્લાની ખૂબ મજાક ઉડાવી. સાંજ પડે જ્યારે ગુરૂ પાછા ફર્યા, ત્યારે એક શિષ્યે ગુરૂને પૂછ્યું, "સાહેબ, આજે તમે ભાઈ બેલ્લાને કયું વાક્ય આપ્યું હતું ?"


ગુરૂએ કહ્યું કે તેઓએ કોઈ પણ વાક્ય નહોતું આપ્યું.

"પણ સાહેબ એ તો આજે આખો દિવસ એક વાક્યનું રટણ કરી રહ્યો હતો કે 'ભાઈ, તમને ભાન નથી પડતું કે આ યોગ્ય સમય નથી. જોતા નથી કે હું બહાર જઈ રહ્યો છું ?'


એ શિષ્યનો ઈરાદો ભાઈ બેલ્લાને નીચો પાડવાનો હતો. પણ આ સાંભળી ગુરૂ ગોવિંદસિંહ ખૂબ રાજી થયા અને બોલ્યા, "આવી સરળ વ્યક્તિ, જે ગુરૂની આજ્ઞા પાળતી વખતે બુદ્ધિ વચ્ચે ના લાવે, તે જ કૃપાપાત્ર બની જ્ઞાન પ્રાપ્ત કરે છે. ગુરૂની આજ્ઞાનું આરાધન એ જ સાચી ભક્તિ છે."

અને તે જ ક્ષણે ભાઈ બેલ્લાને ગુરૂની કૃપાનો અનોખો અનુભવ થયો ! જાણે આનંદનો ધોધ એમની અંદર વરસી પડ્યો હોય, એવી અનુભૂતી એમને થઈ. આમ એ ગુરૂનો કૃપાપાત્ર બની ગયો.

***આજ્ઞાનું આરાધન એ જ સર્વોચ્ચ ભક્તિ છે !***




# ચાલો રમીએ...



**૧.**
**રસ્તો શોધો.**

**૨.**
**બાજુમાં આપેલી દિવાસળીમાંથી કોઇ પણ ૬ દિવાસળી હલાવી ઘર બનાવો.**



**૩.**
**સુડોકુ રમો.**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧૨ | + | ૧૧ | + | ૭ | = | |
| + | | + | | + | | + |
| ૧૮ | + | ૧૯ | + | ૧૬ | = | |
| + | | + | | + | | + |
| ૧૨ | + | ૧૩ | + | ૪ | = | |
| = | | = | | = | | = |
| | + | | + | | = | |

## ૪. નીચેના સ્પૅલિંગ પૂરા કરી જોડકાં જોડો

_c_ cr_a_ 

u_ _r_l_a 

p_n_i_ 

l_m_n 

_al_o_ 

_a_ _ot 

## ૫.

## ટપકાં જોડો





# મીઠી યાદેં

પરમ પૂજ્ય દાદાશ્રી પાસે એક ભાઈ આવ્યા હતા. તે કૃષ્ણ ભગવાનના બહુ મોટા ભક્ત હતા. એ ભાઈને ખૂબ ચિંતા રહેતી હતી.

પરમ પૂજ્ય દાદાશ્રીએ એમને શીખવ્યું કે દરરોજ સવારે પાંચ વખત એમણે કૃષ્ણ ભગવાનના ફોટા આગળ બે હાથ જોડીને કહેવું કે 'હે ભગવાન, તમે કહ્યું છે કે એક પણ ચિંતા તું ના કરીશ. છતાં મારાથી ચિંતા થઈ જાય છે તો શું કરવું? મારી તો દ્રઢ ઈચ્છા છે કે એક પણ ચિંતા ના કરાય. માટે હે ભગવાન, એવી કંઈક કૃપા કરો, એવી શક્તિ આપો કે ચિંતા ફરીથી ના થાય.'


આમ છતાંય જો ફરી ચિંતા થાય તો ફરીથી ભગવાનને આમ વિંનતી કરજો. જો આપણી દાનત ચોખ્ખી હોય, કૃષ્ણના સાચા ભક્ત હોઈએ તો પછી ચિંતા શાની થાય? કૃષ્ણને આપણે ચોખ્ખે ચોખ્ખું કહેવામાં શો વાંધો છે? સાચી ભાવનાવાળો ભગવાનને કહી શકે.

એ ભાઈએ આઠ દિવસ એવું રોજ કર્યું ને નવમે દિવસે તેઓ પરમ પૂજ્ય દાદાશ્રીને આવીને કહેવા લાગ્યા, "દાદા, મારી પર ભગવાન પ્રસન્ન થયા છે. મારી બધી ચિંતા મટી ગઈ. હવે મને એક પણ ચિંતા થતી નથી."


આમ ભગવાનની સાચી ભક્તિ અને જ્ઞાનીના વચનબળથી એ ભાઈની સમસ્યાઓ દૂર થઈ ગઈ.

# પઝલના જવાબો

૧.




૨.



૩.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧૨ | + | ૧૧ | + | ૭ | = | ૩૦ |
| + | | + | | + | | + |
| ૧૮ | + | ૧૯ | + | ૧૬ | = | ૫૩ |
| + | | + | | + | | + |
| ૧૨ | + | ૧૩ | + | ૪ | = | ૨૯ |
| = | | = | | = | | = |
| ૪૨ | + | ૪૩ | + | ૨૭ | = | ૧૧૨ |

૪.




૫.



# અને છેલ્લે છેલ્લે....

## ભક્તિ એટલે શું ?



ભક્તિ જ્યારે ભોજનમાં ભળે છે ત્યારે એ પ્રસાદ કહેવાય છે.



ભક્તિ જ્યારે મુસાફરીમાં ભળે છે ત્યારે જાત્રા કહેવાય છે.



ભક્તિ જ્યારે સંગીતમાં ભળે છે ત્યારે કીર્તન કહેવાય છે.



ભક્તિ જ્યારે ઘરમાં ભળે છે ત્યારે મંદિર કહેવાય છે.



ભક્તિ જ્યારે કાર્યમાં ભળે છે ત્યારે સેવા કહેવાય છે.



ભક્તિ જ્યારે ભૂખમાં ભળે છે ત્યારે ઉપવાસ કહેવાય છે.



ભક્તિ જ્યારે પાણીમાં ભળે છે ત્યારે ચરણામૃત કહેવાય છે.



ભક્તિ જ્યારે માણસમાં ભળે છે ત્યારે માનવ કહેવાય છે.

Akram Express

**July 2015**
**Year : 7, Issue : 11**
**Conti. Issue No.: 83**

BALVIGNAN
Fun 'n' Gnan with Dada

Date of Publication on 08th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. GAMC - 1690/2015-2017
valid up to 31-12-2017
LPWP Licence No. CPMG/GJ/27/2015
valid up to 31-12-2017
Posted at Adalaj Post office
on 08th of every month

# હિન્દીભાષી શિબિર દરમિયાન થયેલી કિડ્સ એક્ટિવીટીના ફોટાઓ















<u>અક્રમ એક્સપ્રેસના સભ્યો માટે સૂચના</u>

૧. આપનું વાર્ષિક લવાજમ પૂરું થાય છે તે શી રીતે જાણશો ? જો આપની આ મહિનાની આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # હોય તો જાણવું કે આ આપની છેલ્લી અક્રમ એક્સપ્રેસ છે. દા.ત. **AGIA4313 #** અને જો આ મહિનાના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં ## હોય તો જાણવું કે આ પછીના મહિનાની અક્રમ એક્સપ્રેસ છેલ્લી અક્રમ એક્સપ્રેસ રહેશે. દા.ત. **AGIA4313 ##.** અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

૨.જો આપને કોઈ મહિનાનું અક્રમ એક્સપ્રેસ ન મળે તો ફોન નં.૮૧૫૫૦૦૭૫૦૦ પર નીચેની વિગતો **SMS** કરવો.

૧) કાચી પાવતી નંબર અથવા **ID No.**, ૨) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત ૩) જે મહિનાનું મૅગેઝિન નથી મળ્યું એ મહિનો.

Printer, Publisher and Owner - Dimple Mehta on behalf of Mahavideh Foundation, Editor - Dimple Mehta, Printing Press **Amba offset:-** Parshwanath Chembers, Usmanpura, Ahmedabad-14 and published at Mahavideh Foundation, Simandhar City, Adalaj-382421.Dist-Gandhinagar.